Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/15786

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.      /૦૮/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ માધ્યમિક અને ઉ.મા.શાળાઓ તરફ.

આ સાથે સામેલ મે,સંયુક્ત નિયામકશ્રી ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ ગાંધીનગરના પત્ર ક્રમાંક/મ ઉમશબ/સંશોધન/૨૦૨૨/૯૯૦૭-૪૩ તા.૨૦/૦૮/૨૦૨૨ અન્વયે જાણ થવા સારું

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ક્રમાંક: મઉમશબ/સંશોધન/2022/9907-43
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 20/08/2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- રાજ્યની વિવિધ સ્કુલ/કોલેજના બાળકોને ઉક્ત ગેમીંગ એપ "ડિંગ માય મ્યુઝિયમ" બાબતથી અવગત કરાવી વધુમાં વધુ વિદ્યાર્થીઓ તેમાં ભાગ લે તેવી વ્યવસ્થા કરવા બાબત.

સંદર્ભ:- શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરનો પત્રક્રમાંક: પરચ/122022/255/વ-2 તા.03/08/2022

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્રથી મળેલ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.18/07/2022ના પત્રક્રમાંક:ઉજવ/102022/GOI-64/ક ના પત્રની નકલ સામેલ રાખી મોકલી આપતા જણાવવાનું કે " આઝાદી કા અમૃત મહોત્સવ" ના ભવ્ય વિઝનને આગળ ધપાવતા, વડનગર, એક્સકવેશન ગેમિફાઇડ વર્ચ્યુઅલ મ્યુઝિયમ એપ (એક્સકવેટ કરો અને તમારા પોતાના વર્ચ્યુઅલ મ્યુઝિયમ બનાવો) "ડિંગ માય મ્યુઝિયમ" વિકસાવવામાં આવેલ છે. જે અન્વયે સ્કુલ/કોલેજના બાળકોને ઉક્ત ગેમિંગ એપ ) "ડિંગ માય મ્યુઝિયમ" થી અવગત કરાવવા વધુ ને વધુ વિદ્યાર્થીઓ તેમાં ભાગ લે તે માટે આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શાળાઓને જાણ કરશો.

બિડાણ:- ઉપર મુજબ

(બી.એમ.સોલંકી)
સંયુકત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ સવિનય રવાના:-**

- માન.અધ્યક્ષશ્રી,ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગર
- માન.સચિવશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ,વ-૨ શાખા, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.

...\...ilbhai\LATER.docx

आज़ादी का
अमृत महोत्सव


અશ્વિની કુમાર, આઈ.એ.એસ.
અગ્ર સચિવ



ક્રમાંક: [illegible]
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ
ગુજરાત રાજ્ય
બ્લોક નં. ૨, આઠમો માળ, સરદાર પટેલ ભવન,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
ઈ-મેઈલ : secsyc@gujarat.gov.in


તારીખ : ૧૬/૦૭/૨૦૨૨

સ્નેહીશ્રી, Respected Sir,

ભારતની સ્વતંત્રતાના ૭૫મા વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર ભારતમાં "આઝાદી કા અમૃત મહોત્સવ" ની ભવ્ય ઉજવણી થઈ રહી છે. "આઝાદી કા અમૃત મહોત્સવ"એ ભારતના લોકોને સમર્પિત છે કે જેમણે દેશના વિકાસ અને તેની ઉત્ક્રાંતિ યાત્રામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

"આઝાદી કા અમૃત મહોત્સવ" ને સફળતા પૂર્વક જનમાનસ સુધી પહોંચાડી શકાય અને જનભાગીદારી વધે તે માટે સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકારનો તા.૦૬/૦૭/૨૦૨૨નો નો અ.સ.પત્ર ક્રમાંક: D.O.No. 42-22/236/2022-AKAM (સામેલ છે) થી જણાવ્યા મુજબ "આઝાદી કા અમૃત મહોત્સવ"ના ભવ્ય વિઝનને આગળ ધપાવતા, વડનગર એક્સકવેશન ગેમિફાઇડ વર્ચ્યુઅલ મ્યુઝિયમ એપ (એક્સકવેટ કરો અને તમારા પોતાના વર્ચ્યુઅલ મ્યુઝિયમ બનાવો)– "ડિગ માય મ્યુઝિયમ" વિકસાવવામાં આવેલ છે. આ ગેમિંગ એપનો ઉદ્દેશ્ય, ખાસ કરીને યુવા પેઢી પર ધ્યાન કેન્દ્રિત કરીને, તેમને વડનગરના મૂર્ત વારસાની જાળવણીમાં પ્રોત્સાહિત કરવાનો અને પુરાતત્વીય ખોદકામ અને સંગ્રહાલયની રચનાની બાબતને સમજાવવાનો છે.

ભારત સરકારના સંદર્ભ દર્શિત પત્રથી, રાજ્યની વિવિધ સ્કૂલ /કોલેજોના બાળકોને ઉક્ત ગેમીંગ એપ "ડિગ માય મ્યુઝિયમ" બાબતથી અવગત કરાવી વધુમાં વધુ વિદ્યાર્થીઓ તેમાં ભાગ લે તેવી વ્યવસ્થા કરવા જણાવેલ છે. જેથી આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા અને આ બાબતને ટોચ અગ્રતા આપવા નમ્ર વિનંતી છે

આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(અશ્વિની કુમાર)

બિડાણ : ઉપર મુજબ

પ્રતિ,
શ્રી એસ.જે હૈદર, IAS
અગ્રસચિવશ્રી,શિક્ષણ વિભાગ
બ્લોક નં–૫/૮, સરદાર ભવન, ગાંધીનગર

Principal Secy (EDU)
TAPAL NO : 0988
Date : 19/7/22

DS(Admn)

૨૫૫૫/પ.ર.
૨૬/૦૭/૨૦૨૨